ગ્રાન્ટ માટે બબાલ : બોરસદમાં કોંગ્રેસનો કકળાટ, આંકલાવ ભાજપનો પણ બળાપો

વિકાસ કામોની ફાળવણીમાં પક્ષપાતના આક્ષેપો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

બોરસદ અને આંકલાવ તાલુકા પંચાયતોમાં વિકાસ કામોની ગ્રાન્ટ ફાળવણી મુદ્દે રાજકીય વિવાદ ઉગ્ર બન્યો છે. બંને તાલુકાઓમાં વિપક્ષ પક્ષોએ શાસક પક્ષ સામે પક્ષપાતપૂર્ણ વલણ અપનાવ્યાના આક્ષેપો કરતાં ગ્રામ્ય રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. વિકાસ કામોની વહેંચણી અંગે ઉભા થયેલા મતભેદોને કારણે આગામી દિવસોમાં મુદ્દો વધુ ઉગ્ર બને તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.બંને તાલુકા પંચાયતોમાં ઉભા થયેલા વિવાદને પગલે ગ્રામ્ય રાજકારણમાં ધ્રુવીકરણ વધવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. વિકાસના મુદ્દાને રાજકીય રંગ મળતાં આગામી બેઠકોમાં ફરી તંગદિલી સર્જાય તેવી શક્યતા નકારી શકાતી નથી. સ્થાનિક નાગરિકોમાં પણ એવી માંગ ઉઠી રહી છે કે ગ્રાન્ટ ફાળવણી માટે સ્પષ્ટ માપદંડ જાહેર કરવામાં આવે અને તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓને સમાન તક આપવામાં આવે.

વિકાસ કાર્યોને વેગ આપવા માટે આગામી સમયમાં કુલ ૧.૬૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટનો અંદાજ રાખવામાં આવ્યો છે. જે પૈકી ૧૬માં નાણાં પંચ હેઠળ ખાસ ૬૦ લાખ રૂપિયા ફાળવવામાં આવશે. આ ફાળવણીને પગલે સભ્યોને વિકાસલક્ષી કામો માટે મોટી રકમ મળવાની શક્યતા છે. કુલ ગ્રાન્ટમાંથી સભ્યદીઠ અંદાજે ૫ લાખ રૂપિયા મળવાની સંભાવના છે, જેમાંથી ૧૬માં નાણાં પંચના હિસ્સા પેટે સભ્યદીઠ અંદાજે ૨ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી શકે છે.

બોરસદમાં કોંગ્રેસના તા પં. સભ્યોની રજુઆત ટલ્લે ચઢાવાઈ

બોરસદ તાલુકા પંચાયતની તાજેતરમાં યોજાયેલી ખાસ સામાન્ય સભામાં કુલ ૩૪માંથી ૩૩ સભ્યો હાજર રહ્યા હતા. તાલુકા પંચાયતમાં ભાજપના ૨૩ અને કોંગ્રેસના ૧૧ સભ્યો છે. સભાનો મુખ્ય એજન્ડા અંદાજે રૂ. ૧.૬૦ કરોડના વિકાસ કામોની ગ્રાન્ટ ફાળવણીનો હતો. કોંગ્રેસના ૧૧ સભ્યોએ પોતાના વિસ્તારના વિકાસ કામોના પ્રસ્તાવો રજૂ કર્યા હતા. જોકે ચર્ચા બાદ તેમના એકપણ કામને મંજૂરી ન મળતાં સભાખંડમાં ભારે હોબાળો મચી ગયો હતો. કોંગ્રેસના સભ્યોએ આ નિર્ણયને પક્ષપાતપૂર્ણ ગણાવી સભામાં જ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

આંકલાવમાં ભાજપના સભ્યોની ગ્રાન્ટ મામલે બાદબાકી

આંકલાવ તાલુકા પંચાયતમાં પણ ગ્રાન્ટ વહેંચણી મુદ્દે અસંતોષ વ્યક્ત થયો છે. ગત ચૂંટણીમાં કુલ ૨૦ સભ્યોમાંથી કોંગ્રેસના ૧૩ અને ભાજપના ૭ સભ્યો વિજયી બન્યા હતા. કોંગ્રેસે બહુમતિથી તાલુકા પંચાયત પર કબજો મેળવ્યો હતો. ભાજપના સભ્યોનો આક્ષેપ છે કે રાજ્ય સરકાર તરફથી મળતી વિકાસ ગ્રાન્ટની ફાળવણીમાં તેમના વિસ્તારોને યોગ્ય હિસ્સો આપવામાં આવતો નથી. તાજેતરમાં યોજાયેલી સામાન્ય સભામાં ૧૬મા નાણાં પંચ હેઠળ તાલુકા પંચાયતને મળેલી અંદાજે રૂ. ૬૦ લાખની ગ્રાન્ટ અંગે ચર્ચા થઈ હતી.

ગ્રાન્ટ ફાળવણીની સ્થિતિ

	બોરસદ તા.પંચાયત	આંકલાવ તા.પંચાયત
કુલ સભ્યો	૩૪	૨૦
શાસક પક્ષ	ભાજપ (૨૩)	કોંગ્રેસ (૧૩)
વિપક્ષ	કોંગ્રેસ (૧૧)	ભાજપ (૭)

નડિયાદમાં ભવ્ય તિરંગા યાત્રા: ૧૦ હજારથી વધુ લોકો જોડાયાં

નડિયાદ જિલ્લા વહીવટી તંત્ર અને મહાનગરપાલિકા દ્વારા હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત શહેરમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં મંત્રીઓ, ધારાસભ્યો અને કલેક્ટર સહિત ૧૦ હજારથી વધુ નાગરિકો 'ભારત માતા કી જય'ના ગગનભેદી નાદ સાથે ઉત્સાહભેર જોડાયા હતા. શહેરના વિવિધ માર્ગો પર નીકળેલી આ યાત્રામાં શાળાના વિદ્યાર્થીઓ, દિવ્યાંગો અને સામાન્ય જનતાની સહભાગિતાથી સમગ્ર વાતાવરણ રાષ્ટ્રમય બન્યું હતું. કલેક્ટર વી. એન. ઉપાધ્યાયે જણાવ્યું કે, આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ દરેક ઘરમાં તિરંગો લહેરાવી નાગરિકોમાં દેશની એકતા અને સ્વાભિમાનની ભાવના જગાડવાનો છે. - **જશવંતસિંહ રાઠોડ**

સગીરા પર દુષ્કર્મ કેસમાં યુવકને ૨૦ વર્ષ સખત કેદ

ભોગ બનનારને ૧.૧૦ લાખનું વળતર ચૂકવવા આદેશ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૩

ચકલાસીમાંથી સગીરાને ભગાડી જઈ તેના પર દુષ્કર્મ ગુજારવાના ગંભીર ગુનામાં સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને ૨૦ વર્ષની આકરી કેદની સજા ફટકારી છે. કોર્ટે દસ્તાવેજી પુરાવા અને સાક્ષીઓની જુબાનીને આધારે આ કડક વલણ અપનાવ્યું છે.

ચકલાસીના સોળઘરા વિસ્તારમાં રહેતા પ્રકાશકુમાર રાજુભાઈ સોઢા પરમારે ૨૮મી માર્ચ ૨૦૨૪ના રોજ એક સગીરાનું અપહરણ કર્યું હતું. તેને વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના કરજુન ગામે લઈ ગયો હતો અને ત્યાં સગીરાની મરજી વિરુદ્ધ વારંવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ મામલે ચકલાસી પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે પોક્સો એક્ટ હેઠળ કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી હતી.

નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ પી.પી. પુરોહિત સમક્ષ આ કેસ ચાલવા પર આવ્યો હતો. સરકારી વકીલ યોગીબેન કે. બારોટ દ્વારા ૧૪ દસ્તાવેજી પુરાવા અને ૮ સાક્ષીઓની જુબાની રજૂ કરવામાં આવી હતી. ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને ભારતીય દંડ સંહિતા અને પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ પ્રકાશને દોષિત ઠેરવ્યો હતો અને ૨૦ વર્ષની સખત કેદ અને કુલ ૮૫ હજારનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત ભોગ બનનાર સગીરાને આર્થિક સહાય પેટે સરકારના ઠરાવ મુજબ એક લાખઅને દંડની રકમમાંથી ૧૦ હજાર મળીને કુલ ૧.૧૦ લાખ વળતર ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો છે.

આણંદ જિલ્લાના ત્રણ દાયકા બાદ જિલ્લા જેલ બની , કેદી પાર્ટીને રાહત

આણંદમાં ૩૭૦ કેદીની ક્ષમતાવાળી જેલનું ના. મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

બાકરોલમાં ૬૭.૫૨ કરોડના ખર્ચે જિલ્લા જેલ બનાવવામાં આવી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

આણંદ જિલ્લાના સર્જનને ૩ દાયકા બાદ જિલ્લા કક્ષાની જેલ બનીને તૈયાર થઈ છે, જેનું લોકાર્પણ ૧૪મીને શુક્રવારે નાયબ મંત્રીમંત્રી હર્ષભાઈ સંઘવી દ્વારા કરવામાં આવશે. આણંદ ખાતે સ્વાતંત્ર પર્વના આગલા દિવસે નાયબ મંત્રી હર્ષભાઈ સંઘવી મુલાકાત લેશે. તેઓ ૧૧-૩૦ કલાકે આણંદના બાકરોલ ખાતે નવ નિર્મિત જિલ્લા જેલનું લોકાર્પણ કરશે.

આણંદને ૧૯૯૭માં જિલ્લા કક્ષાનું બિરૂદ મળ્યું હતું. પરંતુ લાંબા સમય સુધી જિલ્લા કક્ષાની અનેક સુવિધાનો અભાવ રહ્યો હતો. હાલમાં બાકરોલ ખાતે જિલ્લા કક્ષાની જેલનું કામ પૂર્ણ થયુ છે. જેનું લોકાર્પણ શુક્રવારના રોજ કરવામાં આવશે.

આ જિલ્લા જેલનો અભાવ સ્થાનિક પોલીસ માટે માથાનો દુ:ખાવો બની ગઇ હતી. ખાસ કરીને ખુંખાર કેદીઓને ક્યાં રાખવા ? તે યક્ષ પ્રશ્ન બનતો હતો. આ કેદીઓને બિલોદરા અથવા વડોદરા જેલમાં ખસેડવા પડતાં હતાં. જોકે, તેનાથી પણ વધુ મુશ્કેલીએ હતી કે, કોર્ટમાં મુદત સમયે આ ખુંખાર કેદીઓને કોર્ટમાં લાવવા - લઇ જવા ખાસ કેદી પાર્ટીની નિમણૂંક કરવી પડે છે. આ કેદી ખાલી વાહન લઈને બિલોદરા અથવા વડોદરા જતી અને ત્યાંથી કેદીને લઇ કોર્ટમાં રજુ કરી ફરી તેને જેલ સુધી પહોંચાડતા હતાં. જેના કારણે પોલીસ વિભાગની કસરત વધી જતી હતી. ડિઝલ ખર્ચ અને ઘણી વખતે કેદી ફરાર થઇ જવાની એક પ્રકારનો તણાવ કર્મચારીના ચહેરા પર સતત જોવા મળતો હતો. અલબત્ત, આણંદ જિલ્લા જેલના લોકાર્પણ બાદ આ તણાવ એકંદરે હળવો થશે.

આણંદ જિલ્લા જેલ ૬૭.૫૨ કરોડના ખર્ચે બની છે. જેમાં કુલ ૩૭૦ કેદી રાખવાની ક્ષમતા છે. આ કેદીમાં ૩૨૦ + ૧ પુરૂષ અને 40 મહિલાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સ્ટાફ માટે બી-૩૬, સી-૧૨ અને ડી-૦૨ ક્વાટર્સ બનાવવામાં આવ્યાં છે.

જિલ્લા જેલમાં કઇ કઇ વિશેષતાઓ છે ?

વહીવટી બિલ્ડીંગ, કોર્ટ રૂમ, વોકેશનલ ટ્રેનીંગ, લીગલ એઈડ્સ, હાઈકોર બેરેક, કેન્ટીન, લાઇબ્રી અને ઇન્ડોરગેમ, મેટ્રન ઓફિસ, વેલ્ફેર ઓફિસ - કોમન યુટીલીટી બિલ્ડીંગ, લોન્ડ્રી, ક્લોથ, બાર્બર શોપ, કલ્ચરલ હોલ, મેડીટેશન હોલ, સ્ટડી સેન્ટર, આંગણવાડી, ફિમેલ બેરેક, અન્ડર ટ્રાયલ બેરેક, હોસ્પિટલ, કિચન પાર્કીંગ, ઓપન એર થિયેટર, વોચ ટાવર, એસઆરપી બેરેક, વીથ કિચન ડાયનીંગ હોલ વિગેરેનો સમાવેશ થાય છે.

ખંભાતના ઉંદેલ ગામમાં ટેમ્પાની ટક્કરે યુવકનું મોત

મંદિર પાસે ઉભેલા યુવકને કાળમુખા ટેમ્પોએ અડફેટે લીધો

(પ્રતિનિધિ) ખંભાત તા.૧૩

ખંભાત તાલુકાના ઉંદેલ ગામે નવાપુરા રામદેવપીર મંદિર નજીક રોડ સાઈડમાં ઉભેલા ૨૩ વર્ષીય અપરિણીત યુવકને પૂરઝડપે આવતા ટેમ્પો ચાલકે જોરદાર ટક્કર મારતા તેનું કરુણ મોત નીપજ્યું છે. આ અકસ્માત મામલે ખંભાત રૂરલ પોલીસે ટેમ્પો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉંદેલના નવાપુરા ચોપાડા વિસ્તારમાં રહેતા પરેશભાઈ પ્રજાપતિનો ૨૩ વર્ષીય પુત્ર જતીનકુમાર ગત ૧૦મી ઓગષ્ટ,૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ વાગ્યાના સુમારે રામદેવપીર મંદિર પાસે ઉભો હતો. તે સમયે ખંભાત તરફથી બેફીકરાઈ પૂર્વક આવતા ટેમ્પો (રજી. નં. GJ-23-Y-1590) ના ચાલકે જતીનકુમારને ટક્કર મારી હતી, જેમાં તેને માથાના પાછળના ભાગે અને બરડામાં ગંભીર ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્ત યુવકને પ્રથમ ખંભાત અને ત્યારબાદ વધુ સારવાર માટે કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં બે દિવસની ટૂંકી સારવાર બાદ ગત ૧૨મી ઓગષ્ટ,૨૦૨૬ની રાત્રે જતીનકુમારનું મોત નીપજ્યું હતું. જુવાનજોધ દીકરાના મોતના સમાચારથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ અંગે ખંભાત ગ્રામ્ય પોલીસે ટેમ્પા ચાલક સામે ગુનો નોંધ્યો હતો. ખંભાત પંથકમાં વધી રહેલા અકસ્માતના પગલે વાહન ચાલકોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

નડિયાદમાં બસ સ્ટેન્ડ પાસે કાસમાં કાર ફસાતા તંત્રની પોલ ખુલી

નડિયાદના હાર્દ સમા બસ સ્ટેન્ડ વિસ્તારમાં ખુલ્લા કાસના ઢાંકણને કારણે એક મહિલાની કાર ખાડામાં ફસાઈ ગઈ હતી. રાહદારીઓ અને ટ્રાફિક પોલીસે સમયસૂચકતા વાપરી ધક્કો મારી કારને બહાર કાઢી મોટી મુશ્કેલી ટાળી હતી. શહેરના મુખ્ય માર્ગો પરના આ જોખમી ખાડાઓ વહીવટી તંત્રની ઘોર બેદરકારી અને નિષ્ક્રિયતાની સાક્ષી પૂરી રહ્યા છે. મહાનગરપાલિકાના અધિકારીઓની આ આળસને કારણે સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ અને રોષની લાગણી ફેલાઈ છે.

ખેડા જિલ્લા પોલીસના ૭૬ જવાનને બઢતી મળી

૪૨ પોલીસ કોન્સ્ટેબલ હવે હેડ કોન્સ્ટેબલ અને ૩૪ હેડ કોન્સ્ટેબલ ASI બન્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૩

ખેડા-નડિયાદ જિલ્લા પોલીસ વિભાગમાં મોટા પાયે બઢતીના આદેશો કરવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા પોલીસ વિભાગમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા ૭૬ જેટલા કર્મચારીઓને તેમની ઉત્કૃષ્ટ સેવા અને સિનિયોરિટી (ટર્ન) મુજબ પ્રમોશન આપવામાં આવ્યું છે, જેને પગલે સમગ્ર પોલીસ બેડામાં ખુશી અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ બઢતી પ્રક્રિયાની વિગતો મુજબ, ખેડા જિલ્લાના વિવિધ પોલીસ મથકો અને શાખાઓમાં કાર્યરત ૪૨ પોલીસ કોન્સ્ટેબલોને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી મળી છે, જ્યારે ૩૪ હેડ કોન્સ્ટેબલોને આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (ASI) તરીકેની નવી જવાબદારી સોંપવામાં આવી છે.

સ્વતંત્રતા દિવસ પૂર્વે મળેલી આ ભેટથી પોલીસ કર્મચારીઓની કારકિર્દીમાં નવા સોપાનનો પ્રારંભ થયો છે. આ અંગે જિલ્લા પોલીસ અધિક્ષકે જણાવ્યું હતું કે, કર્મચારીઓ દ્વારા અત્યાર સુધી દાખવવામાં આવેલી શિસ્ત અને નિષ્ઠાને ધ્યાનમાં રાખીને આ પ્રમોશન અપાયા છે. બઢતી મેળવનાર તમામ જવાનો આગામી સમયમાં પોતાના બહોળા અનુભવ સાથે વધુ કાર્યક્ષમતા અને કર્તવ્યપરાયણતાથી જનસેવા કરે તેવી શુભેચ્છાઓ પણ વિભાગ દ્વારા પાઠવવામાં આવી છે.

આણંદના દંપતીએ મુંબઇના ગઠિયા સાથે મળી જ્વેલરી ડિઝાઇનરને છેતર્યા

આણંદમાં સોનામાં રોકાણના નામે ₹૧.૬૪ લાખની છેતરપિંડી

નફાની લાલચ આપી કુલ રૂ. ૫.૨૯ લાખ પડાવ્યા બાદ રૂ. ૧.૬૪ લાખ પરત ન કર્યા

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

આણંદ શહેરમાં કસ્ટમમાંથી સસ્તા ભાવે સોનું અપાવવાની અને તેમાં રોકાણ કરી ઊંચો નફો મેળવવાની લાલચ આપી એક મહિલા જ્વેલરી ડિઝાઇનર સાથે રૂ. ૧.૬૪ લાખની છેતરપિંડી થઈ હોવાનો કિસ્સો નોંધાયો છે.

આણંદના વિદ્યાનગર રોડ પર આવેલા ક્રિષ્ના ટાવરમાં રહેતાં અને ડાયમંડ જ્વેલરીનો વ્યવસાય કરતાં તેજલબેન નિલેશભાઈ પટેલ માર્ચ ૨૦૨૬માં તેમના પાડોશી ભારતીબેન કલ્પેશભાઈ પરમારના સંપર્કમાં આવ્યા હતા. ભારતીબેન અને તેમના પતિ કલ્પેશભાઈ ચંદુલાલ પરમારે વિશ્વાસ અપાવ્યો હતો કે તેઓ પાસે કસ્ટમમાંથી કાયદેસરના લાયસન્સ સાથે સસ્તું સોનું આવે છે. આ વિશ્વાસને વધુ મજબૂત કરવા માટે તેઓએ મુંબઈના ભાગીદાર ચીરાગભાઈ જયેશભાઈ મહેતા સાથે તેજલબેનની ફોન પર વાત પણ કરાવી હતી.

આ લાલચમાં આવીને તેજલબેન, તેમના પતિ અને ભાઈએ અલગ-અલગ તારીખે કલ્પેશ પરમાર અને ચીરાગ મહેતાના બેંક ખાતામાં તેમજ સ્કેનર દ્વારા કુલ રૂ. ૫,૨૯,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા. જોકે, સમય જતાં સોનું કે નફો ન મળતા તેજલબેનને શંકા ગઈ હતી અને તેમણે પોતાના નાણાં પરત માંગવાનું શરૂ કર્યું હતું. આમ, વારંવારની ઉઘરાણી બાદ આરોપીઓએ રૂ. ૩.૬૫ લાખ પરત કર્યા હતા, પરંતુ બાકીના રૂ. ૧.૬૪ લાખ પરત આપવામાં ગલ્લાતલ્લા કર્યા હતા. આ ઉપરાંત બાકી રકમ પેટે ખોટો ચેક આપ્યો હતો અને ત્યારબાદ તેજલબેનનો ફોન નંબર બ્લોક લિસ્ટમાં નાખી દઈ સંપર્ક તોડી નાખ્યો હતો.

આખરે, છેતરપિંડીનો ભોગ બનેલા તેજલબેન પટેલે આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં કલ્પેશ ચંદુલાલ પરમાર, ભારતીબેન કલ્પેશભાઈ પરમાર (બંને રહે. વૈભવ ટાવર, આણંદ) અને ચીરાગ જયેશભાઈ મહેતા (રહે. મુંબઈ) સામે ફરિયાદ નોંધાવી છે.

આણંદના ૨૨.૫૨ કરોડના ખર્ચે નિર્મિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું લોકાર્પણ કરાયું

માત્ર ૧ના ટોકન ભાડે મળેલી ૭ એકર જમીન પર ખેલાડીઓ માટે તૈયાર થયું 'સપનાનું મેદાન'

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

આણંદ ખાતે રમતગમત ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન લાવવાના ઉદ્દેશ્ય સાથે ૨૨.૫૨ કરોડના ખર્ચે નિર્માણ પામેલ અત્યાધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ધારાસભ્ય યોગેશભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ રાજ્યભરમાં રૂ. ૩૮૮ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલા વિવિધ રમત સંકુલ અને લાયબ્રેરીઓના ઈ-લોકાર્પણ કાર્યક્રમ અંતર્ગત આ પ્રોજેક્ટને ખુલ્લો મૂક્યો હતો. આ નવું સંકુલ સ્થાનિક રમતવીરો માટે કૌશલ્ય પ્રદર્શિત કરવાનું ઉત્તમ મંચ સાબિત થશે.

આ પ્રોજેક્ટની સૌથી વિશેષ બાબત એ છે કે, આણંદ નગરપાલિકાએ ૭ એકર જેટલી કિંમતી જમીન માત્ર ૧ના ટોકન ભાડાથી ફાળવી છે, જેના પર રાજ્ય સરકારે કરોડોના ખર્ચે આધુનિક માળખું ઊભું કર્યું છે. આ સહયોગી અભિગમ આગામી ૨૦૩૦ની કોમનવેલ્થ અને ૨૦૩૬ની ઓલિમ્પિક ગેમ્સ માટે તૈયાર થઈ રહેલા યુવાનોને આંતરરાષ્ટ્રીય કક્ષાની તાલીમ પૂરી પાડવામાં પાયારૂપ બનશે.

વિશ્વસ્તરીય સુવિધાઓનો સંગમ

આ સંકુલમાં ઇનડોર સ્ટેડિયમમાં બાસ્કેટબોલ, કબડ્ડી, ખો-ખો, ટેબલ ટેનિસ અને જિમ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે, જ્યારે આઉટડોર ગ્રાઉન્ડમાં હોકી અને ટેનિસ જેવી રમતો રમી શકાશે. ઉદ્ઘાટન બાદ ધારાસભ્ય અને કલેક્ટરે જાતે ટેબલ ટેનિસ અને બેડમિન્ટન રમીને આધુનિક સુવિધાઓની જાત માહિતી મેળવી હતી. સ્થાનિક રમતવીરોને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત તરફથી પણ પૂર્ણ સહયોગ પૂરો પાડવામાં આવશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225